# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા બુધવાર, તા.૦૩/૦૪/૨૦૧૯નાં રોજ બપોરે ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એચ. એ. પંડયાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૦૩/૦૪/૨૦૧૯ |
|---|---|---|
| ૧. | પ્રો. એચ. એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો. જગદીશ બી. ભાવસાર, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૬. | ડો. ઇન્દ્રવિજયસિંહ ગોહિલ | ગેરહાજર |
| ૭. | ડો. રશ્મિકાંત વિષ્ણુપ્રસાદ દવે | હાજર |
| ૮. | ડો. પંકજ આર. શુકલા | હાજર |
| ૯. | ડો. સોનલ આર. પંડયા | ગેરહાજર |
| ૧૦. | ડો. નિરજા ગુપ્તા | ગેરહાજર |
| ૧૧. | પ્રિ. હરેશ બી. વાઢેલ | હાજર |
| ૧૨. | પ્રિ. રૂતેશ આર. શાહ | હાજર |
| ૧૩. | ડો. મુકેશ એચ. ખટિક | હાજર |
| ૧૪. | ડો. દિગ્વિજયસિંહ ગોહિલ | હાજર |
| ૧૫. | ડો. જસવંતભાઇ ઠકકર | હાજર |
| ૧૬. | ડો. ધવલ આર. પટેલ | હાજર |
| ૧૭. | શ્રી દેવાંગ નાણાવટી | હાજર |
| ૧૮. | શ્રી રમેશભાઇ જે. ચૌધરી | હાજર |
| ૧૯. | પ્રિ. મહિપતસિંહ ચાવડા | ગેરહાજર |

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

બા.ક્ર.૧ તા.૧૧-૨-૨૦૧૯ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ:** **તા.૧૧-૦૨-૨૦૧૯ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવામાં આવી.**

બા.ક્ર.૨ ગુજરાત યુનિવર્સિટી ખાતે કેમેસ્ટ્રી વિભાગમાં કાર્યરત અધ્યાપક સામે પીએચ.ડી. ની વિધ્યાર્થીનીઓ ધ્વારા આઇ.સી.સી. માં કરેલ ફરિયાદના સંદર્ભમાં આવેલ અહેવાલપર વિચારણા કરવા બાબત.

ઠરાવ: **કેમેસ્ટ્રી વિભાગમાં કાર્યરત અધ્યાપક સામે પીએચ.ડી. કરતી વિધ્યાર્થીનીઓ ધ્વારા આઇ.સી.સી. (Internal Complaint Committee)માં કરવામાં આવેલ ફરિયાદના સંદર્ભમાં ફરિયાદ કરનાર વિધ્યાર્થીનીઓ તથા જેમની સામે ફરિયાદ છે તે અધ્યાપક ડો. વશિષ્ઠ ડી. ભટ્ટ સહિત લાગતાવળગતાઓના નિવેદનો તથા સાંયોગિક પુરાવાઓના આધારે આઇ.સી.સી. ધ્વારા તા.૨૫/૦૩/૨૦૧૯ અને તા.૩૦/૦૩/૨૦૧૯નાં રોજ આપેલ પ્રાથમિક તપાસ અહેવાલ વંચાણમાં લીધા બાદ સદરહુ અધ્યાપક સામે વિધ્યાર્થીનીઓએ કરેલ ફરિયાદમાં વજુદ જણાતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે કેમેસ્ટ્રી વિભાગના અધ્યાપક ડો. વશિષ્ટ ડી. ભટ્ટને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનું રાખવું અને તે પરત્વે આગળની આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.**

ડો. પી. એમ. પટેલ
કુલસચિવ(ઇન્ચાર્જ)

નં.એકેડેમિક/ 3773 /૨૦૧૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ, તા.૦૧-૦૬-૨૦૧૯